# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા આયોજિત આઈચેકઅપ કેમ્પ દ્વારા ૩૦૦ થી વધુ જરૂરિયાત મંદ દર્દીઓ લાભાન્વિત.

ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા સીએસઆર પહેલ અંતર્ગત પ્રાથમિક શાળા લીભેટ, તાલુકો ઝગડીયા ખાતે નિઃશુલ્ક આંખ તપાસ અને સારવાર કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સેવા રૂરલ, ઝગડિયાના નિષ્ણાત તબીબોએ સેવા આપી હતી. આ કેમ્પનો વધુ ને વધુ જરૂરિયાતમંદ દર્દીઓ લાભ લઇ શકે તે હેતુ થી ડીસીએમ શ્રીરામ લિમિટેડની સીએસઆર ટીમ દ્વારા છેલ્લા કેટલાંક સમયથી પુરજોશમાં પ્રચાર કરવામાં આવેલ હતો. જેના પરિણામ સ્વરૂપે નજીકના ૨૬ જેટલાં ગામો માંથી ૩૦૦થી વધુ જરુરીઆતમંદ દર્દીઓએ નિઃશુલ્ક નેત્ર તાપસનો લાભ લીધો. જે ઉપરાંત ૨૨૬ દર્દીઓને મફત દવા, ચશ્મા આપવામાં આવ્યા અને મોતિયા તેમજ ઝામરના ૪૪ જેટલાં દર્દીઓ માંથી ઓપરેશનની તાત્કાલિક જરૂરિયાત વાળા ૨૦ દર્દીઓને સેવા રૂરલ, ઝગડીયા ખાતે ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા જ્યારે બાકીના ૨૪ દર્દીઓને આવનારા સમયમાં સર્જરી કરી આપવામાં આવશે. શ્રીરામ અલ્કલી એન્ડ કેમિકલ્સ, ઝગડીયા (ડીસીએમ શ્રીરામ લિમિટેડનું યુનિટ) દ્વારા છેલ્લા ૨ વર્ષમાં ૪ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું જેના થકી ભરૂચ જિલ્લાના ઝગડીયા, અંકલેશ્વર અને વાલિયા તાલુકાના લગભગ ૧૦૦૦ થી વધુ જરુરીઆતમંદ દર્દીઓને નિઃશુલ્ક સારવારનો લાભ આપવામાં આવ્યો.